સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લી.

બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. 185, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં.-૦૭૯-૨૬૫૮૦૪૩૦ E-Mail:-office@srfdcl.com

## ટેન્ડર નોટીસ

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ આવેલ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રિજ નીચે કુલ ૧૦(દશ) ફૂડ કોર્ટ/શોપ આવેલ છે. સદર જગ્યા ભાડેથી મેળવીને બીઝનેસ કરવા અંગેની સુવર્ણ તક છે. આ અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબ સાઇટ www.ahmedabadcity.gov.in અને સાબરમતી રીવરફ્રન્ટ ડેવેલપમેન્ટ કોર્પોરેશન લી. ની વેબ સાઇટ www.sabarmatiriverfront.comપરથી ડાઉનલોડ કરી શકશે.તેમાં સંપૂર્ણ માહીતી ભરીને ટેન્ડર સબમીટ કરવાની છેલ્લી **તા.૧૯.૦૬.૨૦૨૫,સાંજે ૬:૦૦** ક્લાક સુધી રાખવામાં આવેલ છે.

તારીખ: ૩૦.૦૫.૨૦૨૫

એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર
સા.રી.ફ્રા.ડે.કો.લી.

## આ ફોર્મ ભરી નીચેના સ્થળે તથા સમયે પરત કરવું

**સ્થાન**: બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે- ચંગીસપુર, રે.સર્વે નં. ૧૮૫, એચ.કે. આર્ટસ કોમર્સ કોલેજ પાછળ,ગાંધી અને નહેરુબ્રીજ ની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯.

**ફોન નં.**-૦૭૯-૨૬૫૮૦૪૩૦ **E-Mail:-**office@srfdcl.com

**ટેન્ડર ફોર્મ**

પોર્શન- ................ ફૂડકોર્ટ નં : ..........થી .............

(જે પોર્શનની ફૂડકોર્ટ ભાડેથી મેળવવા માંગતા હોય તે પોર્શન અને ફૂડકોર્ટ/શોપનો નંબર લખવો.)(પોર્શનની વિગત પાનાં ન. ૪ અને ૫ પર અને લે-આઉટ દર્શાવતો નક્શો આ ટેન્ડર સાથે સામેલ છે.)

## ૧. અરજદારની વિગત

અરજદાર વ્યક્તિ/ સંસ્થાનું પુરૂ નામ:

| **અટક** | **નામ** | **પિતા/ પતિનું નામ** |
|---|---|---|
| | | |

| | | |
|---|---|---|
| મોબાઈલ નં. | | ઇ-મેઈલ: |
| ફોન નં. (ઘર) | | ફોન નં. (ઓફીસ): |

સરનામું (હાલનું):

સરનામું (કાયમી):

સરનામું (પત્ર વ્યહવાર માટેનું):

અરજદાર તથા સંસ્થાનું પાન(PAN) કાર્ડ નં.

અરજદાર તથા સંસ્થાનું જી.એસ.ટી નં.

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

## ૨. અરજદાર દ્વારા અધિકૃત પ્રતિનિધિની નિમણૂકનું બાંહેધરી પત્રઃ

હું/અમે નામઃ........................................................................................................વ્યવસાયઃ......................................................ઉંમરઃ........ રહેઠાણ.........................................................................................જણાવીએ છીએ કે,અમો સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ આવેલ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ પૈકી પોર્શન...................ની ફૂડકોર્ટ/શોપ નં............થી ............ ની જગ્યા લાઇસન્સ પેટે મેળવવામાં રસ ધરાવીએ છીએ. આ માટેના તમામ કામો માટે અમારી ગેરહાજરી વખતે અમારા નીચે જણાવેલ અધિકૃત પ્રતિનીધી/ભાગીદાર બંધારણીય રીતે હાજર રહી કાર્યવાહીમાં ભાગ લઇ શકે તે માટે અધિકૃત કરીએ છીએ. તેઓએ ટેન્ડર ખોલતી વખતે અને હરાજી વખતે અને જ્યારે પણ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. જણાવે ત્યારે પોતાની ઓળખની સાબિતી આપતા મૂળ પુરાવા (Original ID Proof) રજૂ કરવાના રહેશે.

| **અધિકૃત પ્રતિનીધીની વિગતો તથા ફોટોઃ** | | | | **ફોટો** |
|---|---|---|---|---|
| નામઃ | | | | |
| સરનામુંઃ | | | | |
| મોબાઈલ ન. | | ઇ-મેઈલ | | |

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

૩ . હું એ જાણું છું/અમે એ જાણીએ છીએ કે લઘુતમ માસિક ભાડાની રકમ કરતાં નીચેની રકમથી ભરેલ ટેન્ડર આપોઆપ રદ બાતલ થયેલું ગણાશે તેની મને/અમોને સ્પષ્ટતા હોઇ હું/અમો નીચે જણાવેલ પોર્શન...................ની ફૂડકોર્ટ/શોપ નં............થી ............ ની જગ્યા માટે નીચે મુજબની ઓફર આપું છું/આપીએ છીએ.

| **લોકેશનની વિગત** | **પોર્શન** | **ફૂડકોર્ટ/શોપ નં.** | **લઘુતમ માસિક ભાડાની રકમ (રૂપિયામાં)** | **ફૂડકોર્ટ માટે માસિક લાઈસન્સ(ભાડાની રકમ) ફીની રકમની ઓફર (રૂપિયામાં)** | |
|---|---|---|---|---|---|
| | | | | **અંકોમાં** | **શબ્દોમાં** |
| સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ | એ | ૧ થી ૪ | **લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ રૂ.૧,૦૦,૮૦૦ /-(અંકે રૂપિયા એક લાખ આઠ સો પુરા)** | | |
| સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ | બી | ૫ થી ૭ | **લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ રૂ.૧,૧૪,000/-(અંકે રૂપિયા એક લાખ ચૌદ હજાર પુરા)** | | |
| સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ | સી | ૮ થી ૧૦ | **લઘુતમ માસિક લાઈસન્સ (ભાડાની રકમ) ફી ની રકમ રૂ.૧,૨૦,૬૦૦/-(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર છસો પુરા)** | | |

**(નોધઃઉપર જણાવેલ ટેબલમાં પોર્શન-એ,બી અને સી માથી જે પોર્શન માટે ટેન્ડર ભરતાં હોય તેની સામેના કોલમમાં ઓફરની રકમ લખવી, એક ટેન્ડર ફોર્મથી એક જ પોર્શન માટે ઓફર ભરી શકાસે. એક ટેન્ડર ફોર્મથી એક કરતાં વધારે પોર્શન માટે ટેન્ડર ભરેલ હશે તો તે રદબાતલ ગણાશે.)**

**(નોધ: ટેન્ડરના કવર નં. ૨ માં આ પાનાની જરૂરી વિગતો ભરીને મૂકવું)**

**નોંધ :(૧) ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા ૫૦૦-/ ના ગુણાંકમાં પોતાની ઓફર લખવાની રહેશે.**

**(૨)હરાજી વખતે રૂ.૧૦૦૦/-- ના ગુણાંકમાં બોલી બોલવાની રહેશે.**

**અરજદારની સહી/ અંગૂઠાનું નિશાન**

**૪.લોકેશન તથા શોપ નંબર ની વિગત**

ફુડકોર્ટ/ શોપની વિગતો:

| **<u>અગત્યની સૂચના</u> : નીચે પૈકી જે પોર્શનની  ફૂડકોર્ટ/શોપ્સ માટે આપ ટેન્ડર ભરી રહ્યા છો તે એક ફૂડકોર્ટ પાનાં નં.૪ માં ભરવી** | | | | |
|---|---|---|---|---|
| **અ.નં.** | **લોકેશન** | **પોર્શન** | **ફૂડકોર્ટ/શોપ નં.** | **આશરે એરીયા (ચો.મી. માં)** |
| ૧ | સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ | એ | ૧ | ૨૬.૭૫ |
| | | | ૨ | ૨૬.૭૫ |
| | | | ૩ | ૨૬.૭૫ |
| | | | ૪ | ૨૬.૭૫ |
| ૨ | | બી | ૫ | ૪૦.૩૨ |
| | | | ૬ | ૪૦.૩૨ |
| | | | ૭ | ૪૦.૩૨ |
| ૩ | | સી | ૮ | ૫૩.૧૩ |
| | | | ૯ | ૩૭.૩૮ |
| | | | ૧૦ | ૩૭.૩૮ |

૫.આ ફૂડકોર્ટ માં સ્ટેન્ડીગ પ્લેટફોર્મ, ડ્રેનેજ તથા લાઇટની સુવિધા આપવામાં આવેલ છે.

૬. હું / અમે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ પૈકીની  પોર્શન..............વાળી ફૂડકોર્ટ/શોપ  નં................થી  ................ભાડેથી મેળવવા માટે **ટેન્ડર ફી રૂ.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દશ હજાર પૂરા)(Non Refundable)**તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**તરીકે **રૂ.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પૂરા)** ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવી રહયા છીએ તેની વિગતો  નીચે  મુજબ  છે.<u>**અરજદાર દવારા**</u> <u>**ટેન્ડર ના ટેન્ડર ફોર્મ ફી તથા અર્નેસ્ટ મની  ડીપોઝીટ(EMD) ના ડી.ડી. અરજદાર વ્યકિત /સંસ્થાના ખાતામાંથી ઈશ્યુ થયેલ હોવો જોઈએ**</u>

| નાણાની વિગત | ડિમાન્ડ ડ્રાફટ ની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|
| | નંબર | તારીખ | બેંકનુંનામ | શાખા | રકમ અંકમાં(રૂ.) | રકમ શબ્દોમાં (રૂ) |
| ટેન્ડર ફી | | | | | | |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)** | | | | | | |

<u>**નોંધ**</u>:ટેન્ડર ફી અને અર્નેસ્ટ મનીડીપોઝીટ**(EMD)**ની રકમ RTGS/NEFTથી જમા કરાવી શકાશે નહી.

૭.મે/અમોએ ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવશે તો, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા જાણ કરવામાં આવ્યેથી **હું/અમે ત્રણ માસના ભાડાની રકમ સીકયોરીટી ડીપોઝીટ તરીકે અને એક માસનું એડવાન્સ ભાડુ તથા મેન્ટેનન્સ,જી.એસ.ટી.સાથે દિન-૧૫ (પંદર)માં ડિમાન્ડ ડ્રાફટથી અથવા યોગ્ય ઇલેક્ટ્રોનીક મોડ થી ટ્રાન્સફર કરાવીને જમા કરાવવા બંધાયેલ છીએ**.ત્યારબાદ જ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્રારા મને/અમોને ફાળવણી હુકમ આપવામાં આવશે તે અમો જણાવીએ છીએ.

૮. **મારી/અમારી ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવે અને હું/અમે ઓફર મુજબની તથા અન્ય જે ડીપોઝીટ/રકમ નિયત સમય મર્યાદામાં ભરપાઇ કરી શકીએ નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD)સહિતની ઉક્ત તમામ ભરેલી રકમ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવશે**

૯. અમારી ઓફર સ્વીકારવામાં આવશે નહી તો અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**ની રકમ સકસેસફુલ થયેલ બીડરને એલ.ઓ.એ. ઇશ્યુ થયા બાદ દિન-૬૦(સાઈઠ)માં વગર વ્યાજે મને/અમોને મળશે અને જો હું/અમોએ આપેલ ઓફર સ્વીકારવામાં આવશે તો, ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ સીકયોરીટી ડીપોઝીટની રકમમાં મજરે આપવામાં આવશે.

૧૦.હું/અમોએ આપેલ કોઇપણ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે અને જે બાબતે અમો કોઇ પણ પ્રકારનું લીટીગેશન/તકરાર કરીશું નહી

૧૧.લાઇસન્સની **પ(પાંચ) વર્ષની મુદ્દત પૂર્ણ** થયા બાદ સક્ષમ સત્તા દ્વારા નિર્ણય થયેથી વધુમાં **વધુ બે વર્ષ વધારવામાં** આવશે. જેમાં લાઇસન્સીએ દર વર્ષે મુદ્દત વધારવા માટે અરજી કરવાની રહેશે.એટલે કે પાંચમાં વર્ષ પૂર્ણ થયા બાદ છઠ્ઠા તથા સાતમાં વર્ષ માટે અરજી કરવાની રહેશે. લાઇસન્સીની અરજી માન્ય રાખવી કે નહી તે અંગેની સત્તા સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે.. આ અંગે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જે નિણય લેશે તે લાઇસન્સીને બંધનકર્તા રહેશે.

૧૨. આથી હું/અમે જાહેર કરીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની માહિતી સંપૂર્ણ સાચી અને ખરી છે અને આકસ્મિક રીતે અથવા કોઇ અન્ય રીતે માહિતી રજૂ કરવામાં ખામી રહી ગઈ હોય અથવા અધુરી વિગત માલૂમ પડે તો સ્વીકારેલઓફર/ભાડાપટ્ટે ફાળવણી કરેલ ફુડકોર્ટસ રદ કરવા / પરત લેવા માટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનલીમીટેડની સક્ષમ સત્તા જે નિર્ણય લેશે તે મને/અમોને બંધનકર્તા રહેશે.

૧૩. હું/અમો અહી જાહેર કરીએ છીએ કે મે/અમોએ સૂચિત ભાડાપટ્ટે ફાળવવાની થતી ફુડકોર્ટ/શોપ અંગેના નિયમો વાંચ્યા અને સમજ્યા છે. સદર ફુડકોર્ટસની જાહેરાત મુજબની તમામ વિગતોનો અભ્યાસ કરેલ છે. મે/અમોએ ઉપરોક્ત પૈકી ૧ થી ૩ વાળી રજૂ કરેલ વિગતો સંપૂર્ણ સત્ય છે. હું/અમો ઉપરોક્ત ૩ મુજબની ઓફર આપીએ છીએ, ઉપરોક્ત ૬ મુજબ અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ફોર્મ ફીના નાણાં જમા કરાવી રહયા છીએ અને ઉપરોક્ત

પૈકી ૭ થી ૧૨ સુપેરે વાંચીને સમજેલ છે અને અમોને તે સ્વીકાર્ય હોઇ તે પ્રમાણે વર્તવા બંધાયેલા છીએ, જે અમો સોગંદપૂર્વક જાહેર કરીએ છીએ.

| અરજદારનું પુરૂ નામ | સહી અને તારીખ | સંસ્થાનો/હોદ્દાનો સિક્કો | અરજદારનો ફોટો |
|---|---|---|---|
| | | | |

**સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ લાયસન્સથી ભાડેથી આપવા માટેની માહિતિ તથા શરતો.**

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી.દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ લાયસન્સથી ૫(પાંચ)વર્ષ માટે નીચેની શરતોએ આપવાની છે.

૦૧. જાહેરાતમાં જણાવેલ ફૂડકોર્ટ./શોપ ૫(પાંચ) +૨ (બે) વર્ષના લાયસન્સથી લેવા માટે રસ ધરાવનાર વ્યક્તિ/સંસ્થાએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની વેબ સાઇટ www.sabarmatiriverfront.comઅને અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.ahmedabadcity.gov.inપરથી ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

0૨. ભરેલ ટેન્ડર ફોર્મ મોટા સીલ બંધ કવરમાં **તા.૧૯.0૬.૨૦૨૫નારોજ સાંજે ૬:૦૦ કલાક** સુધીમાં બીજો માળ,રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ .કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ), અમદાવાદ-૩૮૦૦૦૯, ખાતે જમા કરાવવાના રહેશે.

0૩. ટેન્ડર **તા.૨૦.0૬.૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, મોજે - ચંગીસપુર, રે.સ.નં. ૧૮૫, એચ.કે.આર્ટસ કોમર્સ કોલેજ પાછળ, ગાંધી અને નેહરુબ્રીજની** વચ્ચે, રીવરફ્રન્ટ રોડ (વેસ્ટ) , અમદાવાદ-૩૮૦૦૦૯ હાજર રહેલ ઓફરર્સની સમક્ષ ખોલવામાં આવશે.

0૪. ટેન્ડરમાં ભાગ લેનાર તમામે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. દ્વારા નદીની પૂર્વ દિશાએ રીવરફ્રન્ટ રોડ પર દધિચીરૂષી બ્રીજની નીચે આવેલ ૧૦(દશ) ફૂડકોર્ટ/શોપ માટે પ્રતિ પોર્શન દિઠ રૂ**. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પૂરા)(Non Refundable)** ટેન્ડર ફી **રૂ.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પૂરા)..નો અર્નેસ્ટ મની ડીપોઝીટ(EMD),** સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો બનાવવાનો રહેશ, જે ડીમાન્ડ ડ્રાફટ પેયેબલ અમદાવાદ બનાવી જમા કરાવવાનો રહેશે.

૦૫. **<u>અ. ક્વોલીફીકેશન ક્રાયટેરીયા</u>**

ફૂડકોર્ટ/શોપ્સ/ કીઓસ્ક ચલાવવાનો **મીનીમમ ૨ વર્ષનો અનુભવ** હોવો અનિવાર્ય છે. અનુભવ સિધ્ધ કરતાં દસ્તાવેજી પુરાવા કવર નં. ૧ માં મુકવાના રહેશે.

**<u>બ. વાર્ષિક સરેરાશ ટર્નઓવર :</u>**

આગલા ત્રણ વર્ષ એટલેકે ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ નો **સરેરાશ ટર્નઓવર રુપિયા ૧૫,૦૦,૦૦૦/- (અંકે રુપિયા પંદર લાખ પુરા) હોવો** અનિવાર્ય છે. ઉપર જણાવેલ પ્રવ્રુતિમાંથી વાર્ષિક સરેરાશ ટર્નઓવર બતાવતું વૈધાનિક ઓડીટર/ રજિસ્ટર્ડ ચાર્ટડ એકાઉન્ટન્ટ્નું પ્રમાણપત્ર છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાનના કવર નં ૧ માં મુકવાના રહેશે.

૦૬. ટેન્ડર ફોર્મ સીલ બંધ મોટા કવરમાં જમા કરાવવાનું રહેશે. તેના પર વ્યકિત/સંસ્થાનું નામ, સરનામું લખવાનું રહેશે. આ મોટા કવરનીઅંદર કવરનં. ૧ અને કવર નં. ૨ મુકવાના રહેશે.

**કવર નં.(૧)** ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**અને ટેન્ડર ડોકયુમેન્ટ

- આ કવરની ઉપર "**ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)અને ટેન્ડર ડોકયુમેન્ટ**" એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટના પાના નં.ર સિવાયના તમામ પાનાઓમાં જયાં પણ જરૂરી વિગતો ભરવાની છે તે વિગતોભરી દરેક પાના પર ટેન્ડર ભરનારે સહી સીકકા કરી મુકવા. ટેન્ડર ફી અને અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**ના ડીમાન્ડડ્રાફ્ટ આ કવરમાં મુકવાના રહેશે.

**કવર નં. (૨)**-પ્રાઈસ બીડ

- આ કવર ઉપર ઓફરરે " **પ્રાઇસ બીડ**"તેમ સ્પષ્ટ રીતે લખી સીલ કરવાનું રહેશે. ટેન્ડર ભરનારે ટેન્ડર ડોક્યુમેન્ટનું પાના નં. ૪ (પ્રાઇસ બીડ) સહી સીકકા કરી કવરમાં મુકવાનું રહેશે.
- (**નોંધ** : ટેન્ડર ભરનાર વ્યકિતએ આ પાનામાં રૂપિયા **૫૦૦/-** ના ગુણાંક્માં પોતાની ઓફર લખવાની રહેશે.)

૦૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ**(EMD)**વિનાનું કે અધુરી વિગતોવાળું ટેન્ડર રદ બાતલ ગણાશે.

૦૮ . ઓફરદારે અરજી ફોર્મ સાથે જ્યાં જ્યાં ડીમાન્ડ ડ્રાફટનો ઉલ્લેખ છે તે તમામ ડીમાન્ડ ડ્રાફટ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડના નામનો રજૂ કરવાનો રહેશે અન્યથા ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૦૯. જેની ઓક્શનમાં આપેલ ઉચ્ચત્તમ ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેવા ઓફરદારને સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા કોઇપણ કારણસર ફુડકોર્ટની જગ્યા ભાડાપટ્ટે આપી શકાય તેમ ના હોય તેવા સંજોગો ઉદભવેત્યારે સિક્યોરીટી ડીપોઝીટની રકમ વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૧૦. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૩ પર મુદ્દા નં.૩ માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર સહિત ફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટેમાન્ય ગણાશે નહી.

૧૧.જે ઓફરદારનું ટેન્ડર માન્ય રહેશે, તે જ ઓફરદાર હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજીમાં અરજદાર/અરજદાર દ્વારાઅધિકૃત કરવામાં આવનાર વ્યકિત જ બોલી બોલી શકશે. જે તે ફુડકોર્ટ/શોપ માટે ટેન્ડર ફોર્મમાં મહત્તમ મળેલ ઓફર કિંમતથીબોલી શરૂ કરવામાં આવશે. હરાજીમાં ભાગ લેનારે **રૂ. ૧૦૦૦/- ના ગુણાંકમાં** બોલી બોલવાની રહેશે. ઊંચી બોલીબોલનાર માંગણીદારની હરાજી આખરી કરતી વખતે, જે તે ફુડકોર્ટ/શોપની જગ્યા માટે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન લીમીટેડને મળેલ સૌથી ઊંચી બોલીની કિંમતે સ્વીકાર કરવો કે કેમ? તે અંગે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટકોપોરેશન લીમીટેડ પોતાનો અધિકાર અબાધિત રાખે છે.

આ ઉપરાંત નીચે જણાવેલ વધારાની શરતોને આધીન હરાજી કરવામાં આવશે.

- હરાજી વખતે હરાજીમાં ભાગ લેનાર વ્યકિત કે તેમના પ્રતિનિધિ દ્રારા જો કોઇ અઘટિત વર્તન કરવામાં આવશે તોઅર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે અને હરાજીમાં તેમને ભાગ લેવા દેવામાં આવશે નહી.
- સા.રી.ફ્ર.ડે.કો.લી. કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય કોઇપણ તબક્કે ફુડકોર્ટસ/શોપ (જગ્યા)ની હરાજી ની કાર્યવાહી પાછી ખેંચી શકશે/સ્થગિત કરી શકશે
- કોઇપણ એક કે તમામ ફુડકોર્ટસ/શોપની હરાજી માન્ય રાખવી કે અમાન્ય રાખવી, તેં સંબંધી એસ. આર. એફ.ડી સી. એલનોનિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

૧૨. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્રારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તો ફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્તિ /સંસ્થા કોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૧૩ . લાઈસન્સી ફુડકોર્ટ/શોપનો ઉપયોગ **નોન વેજ ફુડ, ઇડાની વાનગી, તંબાકુ કે તેના ઉત્પાદનો** વેચાણ કરી શકાશે નહી. આમ થતુ ધ્યાને આવશે તો શરતોના ભંગ બદલ ભાડાપટ્ટાનો અંત લાવવામાં આવશે અને સીકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૪.લાયસન્સીએ માસિક **લાયયસન્સ ફી ઉપરાંત તેના પર લાગુ પડતો જી.એસ.ટી. તથા માસિક મેન્ટેનન્સ ચાર્જ રૂ.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા)**અને તેના પર લાગુ પડતો જી.એસ.ટી. અલગથી ભરવાનો રહેશે.લાઈસન્સી દ્રારા ભાડાની નિયમિત ચુકવણી કરવામાં નહિ આવે તો એસ.આર.એફ.ડી.સી.એલ. સદર ભાડાની અનિયમિત ચુકવણી બાબતે નોટીસ પાઠવી સદર ફાળવણી રદ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.

૧૫.**પ્રથમ ૩ વર્ષ** માસિક લાઇસન્સ ફી ની રકમ અને મેન્ટેનન્સ ચાર્જમાં દર વર્ષે **૫%** નો વધારો કરવાનો રહેશે તથા **ત્યાર પછીના** વર્ષ માટે માસિક લાઇસન્સ ફીના રકમમાં તથા મેન્ટેનન્સ ચાર્જમાં આગાઉના વર્ષમાં ભરેલ માસિક લાઇસન્સ ફીની રકમ તથા મેન્ટેનન્સ ચાર્જ માં **૭ %** ટકાનો વધારો તેમજ તે બંને પર લાગુ પડતો જી.એસ.ટી. અલગથી ભરવાનો રહેશે.

૧૬ . જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવે તેણે પોર્શન-એ માટે **ઇલેક્ટ્રીક ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા** ચાર **લાખ પુરા) અને પોર્શન-બી તથા પોર્શન-સી માટે પ્રતિ પોર્શન માટે ઇલેક્ટ્રીક ચાર્જીસ ડીપોઝીટ પેટે રૂ.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા** ત્રણ **લાખ પુરા)** સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડમાં દિન-૧૫ માં જમા કરાવવાના રહેશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી ઇલેક્ટ્રીક બીલના હિસાબ પેટે બાકી રહેતી રકમ બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરત કરવામાં આવશે.

૧૭.ટેન્ડર ભરનારે સાઈટ, લોકેશન, યુટીલીટી, કન્ડીશન વિગેરેની જાત તપાસ કરી પોતાની જાતને અવગત કરી લેવાની રહેશે.આવી કોઇ પણ બાબતમાં કોઇ પણ ઓફરર્સનું કોઇ પણ પ્રકારનું ઓબ્જેકશન માન્ય રાખવામાં આવશે નહી.

૧૮. લાઇસન્સી ફુડકોર્ટ/શોપ્સ ની હયાત સ્થળસ્થિતિમાં સા.રી.ફ.ડે.કો.લી.ની લેખિત મંજુરી વિના કોઇપણ પ્રકારનો હંગામી કે કાયમી ફેરફાર કરી શકાશે નહી.

૧૯. લાઇસન્સીએ જગ્યાનો ઉપયોગ **ફુડકોર્ટ/શોપ** તરીકે કરવાનો રહેશે તથા એસ. આર. એફ. ડી. સી. એલ. દ્વારા લાયસન્સીને ફાળવેલ જગ્યા માં જ કસ્ટમરને બેસવા માટે ટેબલ ખુરશી મુકવા એટલે કે ફક્ત સીટીંગ એરીયા તરીકે ઉપયોગ કરી શકશે. લાઇસન્સી આગળની ખુલ્લી જગ્યામાં અન્યકોઇ સામાન મુકી શકશે નહી.

૨૦. લાઇસન્સીએ ડસ્ટબીનની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશ, ફુડકોર્ટ/શોપની આજુબાજુ નિયમીત સફાઇ કરવાની રહેશે, અગ્નિશામક સામગ્રીની વ્યવસ્થા સ્વખર્ચે અચુકપણે કરવાની રહેશે. ધધાં સાથે જોડાયેલ હોય તેવા જરૂરી તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી લાયસન્સ/મંજુરી/એન.ઓ.સી વિગેરે સ્વખર્ચે લેવાના રહેશે તથા તમામ પ્રકારના સરકારી તથા અર્ધ સરકારી વેરા ભરવાના રહેશે.

૨૧. ફુડકોર્ટના ઉપયોગ દરમ્યાન કોઇ પણ કુદરતી અથવા કૃત્રિમ કારણોસર જાનમાલનું નુકશાન થશે તો તેની જવાબદારી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરિશન લીમીટેડની રહેશે નહીં તથા નુકશાની અંગેનો કોઇપણ દાવો ગ્રાહય રાખવામાં આવશે નહીં.

૨૨ .અન્ય સરકારી/અર્ધ સરકારી કચેરીઓના કાયદા હેઠળ જરુરી હોય તેવી પરવાનગી તથા લાયસન્સ લેવાના હોય તે ફુડકોર્ટ ભાડાપટ્ટે લેનાર વ્યક્તિ/સંસ્થા એ લેવાના રહેશે. જાહેર આરોગ્ય, સલામતિ અને વ્યવસ્થાને લગતી સંબંધિત સત્તાની શરતો અને આદેશોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨૩. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવશે, તેણે ત્રણ માસના ભાડા જેટલી રકમ સીક્યોરીટી ડીપોઝીટ પેટે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડમાં દિન-૧૫માં જમા કરાવવાની રહેશે. જેમાં અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ મજરે આપવામાં આવશે. નિયત સમયમાં સીકયોરીટી ડીપોઝીટની રકમ ભરપાઇ નહી કરવામાં આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. સદર ડીપોઝીટની રકમ ભાડાપટ્ટાના સમય સુધી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ પાસે જમા રહેશે. જે ભાડાપટ્ટાનો સમય પુરો થયે તેમાંથી માસિક ભાડાના હિસાબ પેટે બાકી રહેતી રકમ તથાજગ્યામાં થયેલ નુકશાન જો કોઇ હોય તો તે તથા અન્ય જે કોઇ લેણાં હોય તે બાદ કરી વગર વ્યાજે ત્રણ માસમાં પરતકરવામાં આવશે.

૨૪. જે વ્યક્તિ/સંસ્થાને ટેન્ડર મળે તેને ફૂડકોર્ટ/ શોપ ઓપરેશનલાઇઝ કરવા માટે એલ.ઓ.એ. આપ્યાની તારીખથી **<u>૩ માસનો</u>** મોરેટોરીયમ પીરીયડ આપવામાં આવશે. જો ત્રણ માસનો મોરેટોરીયમ પીરીયડ પત્યા અગાઉ પોર્શનની કોઇ એક ફૂડકોર્ટ/શોપ ઓપરેશનલાઇઝ કરવામાં આવશે તો તે તારીખથી **અથવા મોરેટોરીયમ પીરીયડની સમયમર્યાદા પૂર્ણ થયેથી જે વહેલુ હોય ત્યારથી પુરા પોર્શનની**લાઇસન્સ ફી ના નાણાં વસુલ લેવામાં આવશે.

૨૫. જે અરજદારની ઓફર સ્વીકારવામાં આવેલ હોય તેઓ દ્વારા **<u>૩ વર્ષ પહેલા</u>** જો પોર્શનની કોઇ એક ફુડકોર્ટનું પઝેશન પરત કરવામાં આવશે તોતેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.તે ઉપરાંત જે પણ નાણા લેવાના નીકળતા હશે તે માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

૨૬. જેઓની ઓફર સ્વીકારમાં આવશે નહી તેઓને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સત્તા દ્વારા ટેન્ડર બાબતે અંતિમ નિર્ણય લેવાયેથી વગર વ્યાજે પરત કરવામાં આવશે.

૨૭. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે નવ વર્ષ ની માસિક લાઇસન્સ ફી પેટેના કુલ ૬૦ પોસ્ટ ડેટેડ ચેક જમા કરાવવાના રહેશે. લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે જમા કરાવેલ પોસ્ટ ડેટેડ ચેકમાંથી લાગુ પડતા માસનો ચેક લાઇસન્સર દર મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન લાઇસન્સ ફી પેટે બેંકમાં ડીપોઝીટ કરશે. આ પોસ્ટ ડેટેડ ચેક જમા ન કરાવવા અંગે અથવા હોલ્ડ પર રાખવા અંગેની લાયસન્સીની કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

**અથવા**

લાઇસન્સી દ્વારા અત્રેના વિભાગે માસિક લાઇસન્સ ફી પ્લસ લાગુ પડતો જી.એસ.ટી. તથા મેઈન્ટેનન્સ ચાર્જ પ્લસ લાગુ પડતો જી.એસ.ટી. લાઇસન્સનર ની સૂચનાઓ અનુસાર, યોગ્ય ઇન્ટરનેટ બેન્કિંગઈલેકટ્રોનિક મોડ/ દ્વારા ચુકવવાની રહેશે .

- લાઇસન્સ ફી તથા મેઈન્ટેનન્સ ચાર્જ પ્લસ લાગુ પડતો જી.એસ.ટી દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન જમા કરાવવાનો રહેશે.
- જો દરેક મહિનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન બેન્કિંગ/ઈલેકટ્રોનિક મોડ દ્વારા લાઇસન્સ ફી ચુકવવામાં નહી આવે તો તે અંગે લાઇસન્સી સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે અને લાઇસન્સર દ્વારા લાઇસન્સીને દિન-૧૫ (પંદર) માં નોટીસ આપી સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી, ફુડકોર્ટ ખાલી કરાવી ફુડકોર્ટમાં રહેલ સમાન પણ જપ્ત કરી તેમજ સદરહુ સામાનનો નિકાલ નિયત ધોરણે કરી સા.રી.ફ્ર.ડે.કો.લી.દ્વારા કબજો પરત મેળવી લેવામાં આવશે.

૨૮. ફુડકોર્ટ/શોપ ના ઓપરેશનલ અવર્સ સાબરમતી પોલીસ ખાતાના,એ.એમ.સી. ના, રાજ્ય સરકારના વખતોવખતના અમલી નિયમો મુજબ વર્તવાનું રહેશે.

૨૯. લાઇસન્સીએ થર્ડ પાર્ટી કોમ્પ્રીહેન્સીવ ઇન્સ્યોરન્સ લેવાનો રહેશે અને તેની નકલ ઓથોરીટીનેઆપવાની રહેશે.

૩૦. લાઇસન્સીએ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોપોરેશન/એ.એમ.સી./રાજ્ય સરકાર/લાગુ પડતી ઓથોરીટી દ્વારા વખતો વખત મળતી સૂચના તથાનિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૧. લાઇસન્સીએ લાયસન્સર સાથે ફૂડકોર્ટ/શોપ ઓપરેશનલાઇઝ કરતા અગાઉ લાઇસન્સ એગ્રીમેન્ટ કરવાનો રહેશે. જેઅંગેનો તમામ ખર્ચ લાઇસન્સીએ ભોગવવાનો રહેશે.

૩૨. લાઇસન્સી દ્વારા ઉપર મુજબની શરતોનો ભંગ કરવામાં આવશે અથવા જાહેર સ્થળની આ ફુડકોર્ટ/શોપઉપયોગ વિવાદાસ્પદ જણાશે તો સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ દ્વારા લાઇસન્સીને દિન : ૧૫ (પંદર)ની નોટીસ આપી ફુડકોર્ટસ ખાલી કરાવી કબજો પરત મેળવી લેવામાં આવશે.આ બાબતે સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોપરિશન લીમીટેડ. નો નિર્ણય આખરી ગણાશે.

૩૩. કોઇ પણ કાયદાના ઉલંઘન બદલ અન્ય સરકારી કે અર્ધ સરકારી સંસ્થા દ્વારા ફુડકોર્ટ/શોપ ભાડે રાખનાર કે તેના કર્મચારીવિરુદ્ધ કોઇ પણ જાતની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો તેની જવાબદારી સા.રી.ફ્ર.ડે.કો.લી.ની રહેશે નહી.

૩૪.આ જગ્યાનો નિકાલ “ જયાં છે અને જેમ છે ” તે ધોરણે કરવામાં આવશે.

૩૫. કોઇપણ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તે અંગેની સત્તા સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટકોપોરેશન લીમીટેડની રહેશે.

૩૬. ઉપરોકત સિવાય અન્ય કોઇપણ બાબતો / વિવાદ અથવા અન્ય ઉપરોકત સંદર્ભોમાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેઅંગે, સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડનો નિર્ણય આખરી ગણાશે.

૩૭ લાઇસન્સી પાસેથી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડ જયારે પણ તેમની કાયદેસરતા /અધિકૃતતા /નોંધણી માટેના દસ્તાવેજોની માંગણી કરે ત્યારે લાઇસન્સીએ તે ચોકકસપણે પૂરા પાડવાના રહેશે. તેમ નથયેથી ફાળવણી સંદર્ભે સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લીમીટેડની સક્ષમ સત્તા દ્વારા જે કોઇ નિર્ણય લેવામાંઆવે તે ફૂડકોર્ટ ભાડાપટ્ટે લેનારને બાધ્ય રહેશે.

૩૮. ટેન્ડર ખોલવાની તથા હરાજીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન અરજદાર અથવા અરજદાર દ્વારા ટેન્ડર ફોર્મમાં પાના નં. ૩ પરમુદ્દા નં.૩ માં જણાવેલ વિગત મુજબ અધિકૃત કરવામાં આવેલ વ્યકિતએ સુવાચ્ય એવા સરકાર માન્ય ઓળખપત્ર સહિતફરજીયાતપણે હાજર રહેવાનું રહેશે તે સિવાયની કોઇપણ વ્યકિત ટેન્ડર ખોલવાની કે હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટેમાન્ય ગણાશે નહી.

૩૯. ટેન્ડર/હરાજીમાં સફળ થનાર વ્યકિત/સંસ્થા દ્વારા ઉપરોકત શરતો પૈકીની કોઇ પણ શરતનો ભંગ કરવામાં આવશે તોફાળવણી રદ કરી સીક્યોરીટી ડીપોઝીટના નાણાં જપ્ત કરવામાં આવશે અને તે નાણાં પરત મેળવવા માટે વ્યક્ત/સંસ્થાકોઇ પણ પ્રકારના હકકદાવો/ફરિયાદ કરી શકશે નહી.

૪૦.લાઇસન્સીએ મ્યુનિસિપલ પ્રોપટી ટેક્ષ, લાઇટ બીલ, પ્રોફેશનલ ટેક્ષ, પોતે ભરવાના રહેશે અને તે રીસીપ્ટની નકલઅત્રે સમયાંતરે તાત્કાલીક જમા કરાવવાની રહેશે.

૪૧.રસ્તા પરથી આવતાં જતાં માણસોને આ જગ્યા પર ફુડકોટ/શોપ આવેલ છે તે ખબર પડે તે માટે ફુડકોર્ટ/શોપ દીઠ એક જાહેરાતનું બોર્ડ ધાબા પર સ્ટ્રકચરલ ચેન્જીસ કર્યા સિવાય અત્રેના વિભાગની સૂચના મુજબ મુકી શકાશે.

૪૨. જરૂરિયાતના સંજોગોમાં સા.રી.ફ્ર.ડે.કો.લી. એક માસની નોટીસ આપી લાઇસન્સી પાસેથી ફુડકોર્ટ/શોપનો કબજો પરત લઇ શકશે. આ સંદર્ભે સા.રી.ફ્ર.ડે.કો.લી. કોઇ પણ કારણ આપવા બંધાયેલ નથી.

૪૩. લાઇસન્સીએ લાઇસન્સ એગ્રીમેન્ટની શરતો ઉપરાંત ટેન્ડર તથા એલ.ઓ.એ.ની પણ તમામ શરતો નું પાલન કરવાનું રહેશે.

૪૪.લાઇસન્સીએ ફૂડકોર્ટ/શોપ કોવીડ-૧૯ની માર્ગદર્શિકા તદઉપરાંત કોઇ પણ સરકારી/અર્ધસરકારી/એ.એમ.સી.ની માર્ગદર્શિકા/નિયમ/સૂચના મુજબ સ્વચ્છ સ્થિતિમાં રાખવાની રહેશે.

૪૫. લાયસન્સીએ રજીસ્ટર્ડ લાઇસન્સ એગ્રીમેન્ટ એલ.ઓ.એ. આપ્યાની તારીખથી ૧ માસમાં અથવાફૂડકોર્ટ/શોપ ઓપરેશનલાઇઝ કરતા પેહેલા, જે વહેલું હોય,કરવાનો રહેશે.

૪૬. લાયસન્સી એફૂડકોર્ટ/ શોપ આ ટેન્ડર માં જણાવેલ થયેલ હેતુ સિવાય ના કોઇ પણ અન્ય હેતુ માટે વાપરી શકશે નહિ.

૪૭.ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

૪૮.**ફોર્સ મેજ્યુર**:

ફોર્સ મેજેઅરને કારણે, કોઈપણ પક્ષ અન્ય પક્ષ માટે જવાબદાર રહેશે નહીં અથવા વિલંબ અથવા નિષ્ફળતા હોય તો, કરારના સંબંધમાં તેની પોતાની જવાબદારીઓ પૂર્ણ કરવામાં કોઈપણ વિલંબ અથવા પૂર્ણ કરવામાં કોઈપણ નિષ્ફળતાને કારણે કરારનું ઉલ્લંઘન કરતું હોવાનું માનવામાં આવશે નહીં.

કરારના હેતુ માટે, "ફોર્સ મેજેર" એ ભગવાનના અધિનિયમને કારણે બનતી કોઈપણ ઘટના,યુધ્ધ, યુધ્ધ જેવી પરિસ્થિતિઓ, નાકાબંધી, પ્રતિબંધો, બળવો, સરકારી નિર્દેશો અને સંરક્ષણ અધિકારીઓ અથવા સરકારની અન્ય કોઈપણ એજન્સીઓની હસ્તક્ષેપ, આગ, પૂર, ભૂકંપ, રમખાણો, હડતાલ, તોફાન, જ્વાળામુખી ફાટી નીકળવો, ટાયફૂન, વાવાઝોડા, ભરતીના મોજા, ભૂસ્ખલન, વીજળીના વિસ્ફોટ, વાવંટોળ, ચક્રવાત, સુનામી, પ્લેગ અથવા અન્ય રોગચાળો અથવા રોગચાળો સંસર્ગનિષેધ, લોકડાઉન, વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા પ્રાદેશિક કટોકટી, યુધ્ધના કૃત્યો, આતંકવાદ અથવા તોડફોડના કૃત્યો, માળખા અને/અથવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિનાશ, ઊર્જાની લાંબી નિષ્ફળતા , મંજૂરીઓનું રદબાતલ, સરકાર દ્વારા આપવામાં આવેલ કોઈ વાંધો, સંમતિ, લાયસન્સ, કાયદામાં ફેરફાર, કાયદાકીય અને/અથવા સરકારી સત્તા દ્વારા કાર્યવાહી અને/અથવા હુકમ, જમીન અથવા તેના કોઇપણ ભાગનું સંપાદન, માંગણી અથવા નિકાલ, તૃતીય પક્ષની કાર્યવાહી અથવા સરકારી અથવા અન્ય સત્તા અથવા કમિશન અથવા બાદબાકી અથવા તેના દ્વારા અસરગ્રસ્ત પક્ષના નિયંત્રણની બહારનું કોઈ અન્ય કાર્ય.

બંને પક્ષો આ કરારની શરતો અને નિયમોનું પાલન કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ વાજબી સાવચેતીઓ અને વાજબી વૈકલ્પિક પગલાં લેશે.

જો ફોર્સ મેજરને કારણે કરવું અશક્ય અથવા અવ્યવહારુ બને તો કોઈપણ પક્ષ કરારને સમાપ્ત કરી શકે છે;

અથવા

કોઈપણ સમયગાળો કે જેમાં પક્ષકાર, આ કરાર અનુસાર, કોઈપણ ક્રિયા અથવા કાર્ય પૂર્ણ કરી શકે, તે સમયગાળાની સમાન સમયગાળા માટે લંબાવી શકાય છે જે દરમિયાન આ ભાગ ફોર્સ મેજેઅરના પરિણામે આવી ક્રિયા કરવામાં અસમર્થ હતો. આ સંદર્ભમાં, SRFDCLનો નિર્ણય અંતિમ માનવામાં આવશે

૪૯. લાયસન્સીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના કોઈપણ અધિકારીને કોઈપણ રીતે પ્રલોભિત કરવામાં સામેલ જણાશે તો તેવા ઓફરદાર ને સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ભવિષ્ય નાં બધા ટેન્ડર માં ભાગ લેવામાં બેન કરવામાં આવશે.

૫૦.ઓફરદાર એન્ટી બ્લેકલિસ્ટિંગ અને ભ્રષ્ટ અને કપટપૂર્ણ વ્યવહારો માટે અયોગ્યતાની ઘોષણા હેઠળ ન હોવા જોઈએ.

૫૧.લાયસન્સી એ ખાતરી કરવાની રેહશે કે ફૂડ કોર્ટમાં આપવામાં આવતો ખોરાક અને પીણાં આરોગ્યપ્રદ, આરોગ્યપ્રદ હોયઅને જરૂરી પ્રમાણપત્રો/જવાબદારીઓ સાથે શ્રેષ્ઠ ઉધોગ ધોરણો અનુસાર હોય. એસડી.એફ.આર..સીએલ./અ.મ્યુ.કો./કોઈપણ સંબંધિત સત્તાધિકારીને સમયાંતરે ખોરાક અને પીણાની ગુણવત્તાનું નિરીક્ષણ કરવા માટે ફૂડ કોર્ટમાં પ્રવેશ કરી શકશે. લાયસન્સીએ ફૂડ કોર્ટના સંચાલન માટે તમામ જરૂરી મંજૂરીઓ મેળવવાની રેહશે.

૫૨.લાયસન્સી દ્વારા ફૂડ કોર્ટમાં જાણીતી બ્રાન્ડની વસ્તુઓ નું વેચાણ આવકાર્ય છે.

૫૩.અરજદારએપ્રોપર્ટી ટેક્સદર વર્ષે ચોકકસપણે ભરવાનો રહેશે જો અરજદાર પહેલા વર્ષે.પ્રોપર્ટી ટેક્સભરવામાં ચુક કરશે તો તેની સિક્યોરિટી ડેપોઝિટ માંથીજે તે લાગુ-પડતી રકમએડજસ્ટ કરવામાં આવશે તથા એડજસ્ટેડ અમાઉન્ટદીન ૧૫ માં ફરજયાત જમાં કરવાની રહેશે જેથી સિક્યોરિટી ડેપોઝિટ ની કુલ રકમ ૩ મહીના ના ભાડા પ્રમાણે યથાવત

રહેશે ,આવી ભુલ બીજા વર્ષે પણ થશે તો તાત્કાલીક અસર થી લાયસન્સ રદ કરવામાં આવશે તથા સિક્યોરિટી ડેપોઝિટ અને તમામ પ્રકારના નાણા જપ્ત કરવામાં આવશે અને લાયસન્સીને બ્લેકલીસ્ટ કરવામાં આવશે.

૫૪. ફૂડકોર્ટ/શોપમાં કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ ઘટના કે કોઈ પણ ખાદ્ય પદાર્થ ના લીધે કોઈ પણ વ્યકિત/જીવ ને નુકશાન થશે તો તે માટે માત્ર લાયસન્સી જવાબદાર રહેશે.

૫૫. લાઇસન્સ પર આપેલા ફૂડ કોર્ટમાં ખાદ્ય પદાર્થ ની ગુણવતા જલાવાઈ રહે તે અંગે ની સંપૂર્ણ જવાબદારી લાઇસન્સી ની રહેશે. ફૂડ કોર્ટ ના સંચાલન માટેની જરૂરી તમામ પરવાનગી/એન.ઓ.સી./અપ્રુવલ પોતાના જોખમે અને ખર્ચે જે તે ઓથોરિટીસ પાસેથી લેવાનની જવાબદારી માત્ર લાઇસન્સીની રહેશે. ટે તમામ પરવાનગી /એન.ઓ.સી./અપ્રુવલની કોપી અત્રે વિભાગે જમા કરવાની રહેશે. જો કોઈપણ કારણસર ફૂડ કોર્ટ ના ખાણી-પીણીને લીધે કોઇને નુકસાન થતા જણાશે તો લાઇસન્સ તાત્કાલિક અસરથી રદ કરી, લાઇસન્સી વિરુધ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.


૫૬. ન્યાયનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

ઉપરોક્ત ટેન્ડર/હરાજી અંગેની તમામ વિગતો, સામેલ શરતોથી અમો સુપેરે વિદિત છીએ. સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટકોર્પોરેશન લી.ની સક્ષમ સત્તા દ્વારા લેવાયેલ નિર્ણય મને/અમોને બંધનકર્તા રહેશે જેની સામે મારા/અમારા દ્વારા કોઇપણ વાંધો,ફરિયાદ, કોર્ટ લીટીગેશન કરવામાં આવશે નહી જેની અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ

**તા.:- ..........................** **અરજદારની સહી/અંગુઠાનું નિશાન**

**સ્થળ:- ........................**


# દધિચિબ્રિજની  નીચે આવેલ શોપ્સ ના લે-આઉટ







## પોર્શન-એ ની  શોપ્સ નં.૧ થી ૪ ના લે-આઉટ

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| FOOD COURT-1 | 1 | 4.500 | 4.510 | FOOD COURT-1 | 1 | 4.500 | 4.510 | FOOD COURT-1 | 1 | 4.500 | 4.510 | FOOD COURT-1 | 1 | 4.500 | 4.510 |
| | 1 | 2.035 | 1.810 | | 1 | 2.035 | 1.810 | | 1 | 2.035 | 1.810 | | 1 | 2.035 | 1.810 |
| | 1 | 1.695 | 2.250 | | 1 | 1.695 | 2.250 | | 1 | 1.695 | 2.250 | | 1 | 1.695 | 2.250 |




## પોર્શન-બી ની  શોપ્સ નં.૫ થી ૭ ના લે-આઉટ



# <u>પોર્શન-સી ની  શોપ્સ નં.૮ થી ૧૦ ના લે-આઉટ</u>

